# દીપાવલી માટે તમારી કવિતા મોકલો

૭ નવેમ્બર, ૨૦૨૩

પ્રિય પાઠક,

શુભ દીપાવલી!

મારું માનવું છે કે મારી જેમ તમે પણ દીપાવલી માટે શ્રીગુરુમાઈની કવિતામાં નિહિત પ્રકાશ, પ્રેમ અને પ્રજ્ઞાનની અનંતતાનો આનંદ માણી રહ્યાં છો. હું આ કવિતાને વારંવાર વાંચી રહી છું — ક્યારેક પ્રકાશથી ઝગમગતા આ વાક્યને ફરીથી વાંચું છું તો ક્યારેક પેલા વાક્યને, તેના અપ્રત્યાશિત ચિત્રણનો આનંદ લઉં છું, દરેક પંક્તિમાં છુપાયેલા અર્થ પર ચિંતન કરું છું. મને લાગે છે જાણે ગુરુમાઈજીની આ કવિતા આપણને જીવન જીવવાની રીતથી પરિચિત કરાવી રહી છે, જાણે તે ઉત્કૃષ્ટતાથી લખવામાં આવેલી એક એવી પુસ્તિકા છે જેમાં જણાવવામાં આવ્યું છે કે આ સંસારમાં કેવી રીતે રહેવું જોઈએ.

આ સમયે, લાખો લોકો — ભારતમાં અને જ્યાં-જ્યાં ભારતીય મૂળનાં લોકો રહે છે તે દરેક જગ્યાએ — દીપાવલી અને નવવર્ષ ઊજવી રહ્યાં છે. દીવા પ્રજ્વલિત થઈ ગયા છે. લોકો થાળીઓમાં કેસર અને પિસ્તા લગાવેલી, ચાંદીના પાતળા વરખથી શણગારેલી મીઠાઈઓ એકબીજાને આપી રહ્યાં છે. બધાંની એ ઇચ્છા છે કે કંઈક નવું, કંઈક તાજગીભર્યું થાય, તેઓ એક વધારે ઉજ્જ્વળ અને આશાસ્પદ ભવિષ્યનું સ્વાગત કરે.

મને લાગે છે કે ગુરુમાઈજીની કવિતા નવીનતાની આ ઇચ્છાની અભિસ્વીકૃતિ કરે છે અને સાથેસાથે તેને પૂરિપૂર્ણ પણ કરે છે. આવી કવિતા મેં પહેલાં ક્યારેય નથી વાંચી, તે અસાધારણ છે, માત્ર જ્ઞાન પ્રદાન કરવા માટે નહીં, પરંતુ તેની સંરચના, તેના માળખા, તેની પ્રસ્તુતિની ડિઝાઈનના કારણે પણ — એવી કળા જે કવિતામાં પ્રયુક્ત ભાષા અને તેના ઉદ્દેશ્યથી જુદી નથી. તમારાંમાંથી જે લોકો હિન્દી વાંચે છે, તેમણે જોયું જ હશે કે કવિતાની સૌથી ઉપર દેવનાગરી વર્ણના આકારાનુસાર પાંદડાંઓથી બનેલું અને કમળના ફૂલથી શણગારેલું ‘‘श्री’’નું પ્રતીક છે. ‘‘શ્રી’’ દેવી મહાલક્ષ્મીનું એક નામ છે, જેમનું ગુરુમાઈજીએ પોતાની કવિતામાં સુંદરતાથી સ્તુતિગાન કર્યું છે.

તો ખરેખર, આ કવિતા રોમાંચક રીતે અનોખી છે. તેમાં એક ધારણાનો સમાવેશ થયો છે, જેને તમે હિન્દી કે અંગ્રેજીમાં કવિતાનું રેકૉર્ડિંગ સાંભળતી વખતે, કવિતાના એક ભાગરૂપે સાંભળી શકો છો અથવા **ધારણાનું રેકૉર્ડિંગ અલગથી સાંભળી શકો છો**. તમે આ ધારણાને ગુજરાતીમાં પણ વાંચી શકો છો. તેમાં ખૂબ જ ઉત્સાહજનક નિમંત્રણનો પણ સમાવેશ થયો છે — ગુરુમાઈજી તમને દીપાવલી માટે તમારી પોતાની કવિતા લખવા માટે આમંત્રિત કરી રહ્યાં છે.

હું એક ક્ષણ લઈને આ અત્યંત વિશેષ આમંત્રણ વિશે વાત કરવા માગું છું. દીપાવલી પ્રકાશનો તહેવાર છે અને ગુરુમાઈજી તમને પ્રોત્સાહિત કરી રહ્યાં છે કે તમે તમારા જીવનમાં અને સંસારમાં પ્રકાશ લાવવા માટે જે કાર્યો કર્યાં છે, કરી રહ્યાં છો અને કરશો તેના વિશે કવિતા લખો. તમારા લેખનકાર્યને પ્રેરણા આપવા માટે ગુરુમાઈજીએ તેમની **કવિતામાં કેટલાક વિશિષ્ટ પ્રશ્નો પણ આપ્યાં છે જેના પર તમે વિચાર કરી શકો છો.**

ગુરુમાઈજીએ મને કહ્યું કે જ્યારે તેઓ કવિતા લખી રહ્યાં હતાં અને લખતાં-લખતાં તેના આ ભાગ પર પહોંચ્યાં ત્યારે તેમને લાગ્યું કે તેઓ આ વિષય પર આખું પુસ્તક લખી શકે છે. પણ તેમણે વિચાર્યું, “એવું તો નહીં થઈ શકે. હું મહોત્સવની આ કવિતામાં આખું પુસ્તક તો નહીં સમાવી શકું!”

પછી ગુરુમાઈજીએ વિચાર્યું, “સિદ્ધયોગ પથ પર તો વિશ્વભરમાં મારા ભક્તો અને સાધકો છે. *તેઓ* આના વિશે વિસ્તારપૂર્વક લખી શકે છે. અને જો તેઓ આમ કરે તો કેટલું અદ્‌ભુત રહેશે! દરેક પાસે વ્યક્ત કરવા માટે એક અનન્ય દૃષ્ટિકોણ છે, તેમના હૃદયનો પ્રેમ બીજાં લોકો સુધી પહોંચાડવાની પોતાની શૈલી છે, આ સંસારમાં યોગદાન આપવાની પોતાની એક રીત છે.”

તમને બધાંને જણાવવા માટે ગુરુમાઈજીએ મને એક સલાહ પણ આપી. જ્યારે તમે તમારી કવિતા લખવાની તૈયારી કરો ત્યારે જો તમે ઇચ્છો તો ધારણાની મદદ લઈ શકો છો. ધારણા કરવાથી તમને તમારા અંતરમાં એક એવા સ્થાન સુધી પહોંચવામાં મદદ મળશે, જ્યાંથી પ્રેરણા, અંતર્જ્ઞાન અને રચનાત્મકતા ઉદ્‌ભવે છે. પછી તમારું લેખન ફક્ત એક માનસિક અભ્યાસ નહીં રહે પરંતુ તેને અંતર-સ્ફુરણ દ્વારા માર્ગદર્શન મળશે. તે હૃદયનો ઉદ્‌ગાર હશે.

જ્યારે તમે તમારી કવિતા લખી લો, તો તમે તેને સિદ્ધયોગ પથ વેબસાઈટ પર મોકલી શકો છો. તેમાંથી કેટલીક કવિતાઓ વેબસાઈટ પર પ્રકાશિત થશે, જેથી બધાં લોકો તમારા અનુભવોને વાંચીને તેનો આનંદ માણી શકે અને તેનાથી લાભાન્વિત થઈ શકે.

હું તો તમારી કવિતાઓ વાંચવા માટે આતુરતાથી રાહ જોઈ રહી છું. વાસ્તવમાં સમાપનના આ શબ્દો લખતી વખતે હું તમારાં સ્મિતની ચમકને જોઈ શકું છું.

આદરસહિત,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.